



# અનુપમની હે અમૃતધારા...!



~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા મધ્ય પ્રકરણ-૨૧, 'મુદ્દાનું'નું નિરૂપણ
૨૧ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

(ગયા અંકથી ચાલુ... આ અંકે પૂર્ણ.)

**અ**હીંયાં મુદ્દાની જે વાત કરી છે તે, **'જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે...'**

પ્રત્યક્ષમાં વાંધો શો આવે છે ? ઘણાં બધાં કારણો છે. એમાં એક તો પોતાનું છે, બહુ નિકટ છે અને બહુ સમયથી સામીપ્ય છે એટલે એમાં મનુષ્યભાવ આવે છે. એમાં દોષ, ત્રુટિઓ અને ખામીઓ દેખાય છે. જ્યારે જે થઈ ગયા અને જે જતા રહ્યા એમનાં મરણનો મલાજો સાચવવાની આપણા સંસારમાં એક મર્યાદા છે. એ મર્યાદા શી છે ? તો જે માણસ મરી ગયો અને ભગવાનના ધામમાં ગયો, દેવલોક પામ્યો એના માટે 'દેવ થઈ ગયા', 'પાછા થયા' એવા શબ્દો આપણે વાપરીએ છીએ અને એની કોઈ નિંદા કરતું નથી. એક આચારસંહિતા છે કે, જે માણસ હવે હયાત નથી, આપણી વચ્ચે નથી એની કોઈ દિવસ નિંદા નહીં કરવી. એનામાં જે શુભ હતું, જે સદ્‌ગુણ હતા, એની સાથે આપણા જે સારા પ્રસંગ હતા, સારી વાત હતી; એટલી જ યાદ રાખવાની. કારણ કે, હવે એ શરીરમાં છે નહીં, અને તમારે વેર વાળવું હોય તોય હવે કોની જોડે વાળશો ? મૂળ મુદ્દો જ રહ્યો નથી, એ માણસ જ રહ્યો નથી તો પછી એની બૂરાઈ કર્યાનો અર્થ શો છે ? એટલે આપણા સમાજનો, સંસારનો, વ્યવહારનો રિવાજ છે કે, જે દેવ થઈ ગયો છે, જે આપણી વચ્ચે રહ્યો નથી એની આપણે ભૂંડાશ કરતા નથી, એની નિંદા કરતા નથી.

તો હવે શું કરવાનું ? તો જે આપણી ભેગો રહ્યો છે એની વાતો કરો. એટલે આપણને નિંદા, ખટપટ, અભાવ ને અવગુણમાં મજા આવે છે. કારણ કે માથે જડ્યા છે અને રોજ ટિચાય છે, એટલે શું કરીએ હવે ? એટલે એટલો બધો અભાવ આવી જાય છે કે, ના છૂટકે અહીં આવી ભગવાનને પ્રાર્થના કરીએ કે, આ જન્મે મળ્યા તે હવે આવતે જન્મે ના મળે. ત્યાં સુધીનું આપણને થઈ જાય છે. એવું કેમ ? કારણ, પ્રગટ છે અને પ્રત્યક્ષ છે એટલે પચાવવો બહુ અઘરો છે, જીરવવો બહુ અઘરો છે, જાળવવો બહુ અઘરો છે.

ગઈ કાલે વાત કરી હતી એમ, સત્પુરુષ મનુષ્ય શરીરમાં છે, આપણા જેવા છે, આપણા ખભે હાથ મૂકીને વાત કરે છે, આપણાં સુખ-દુઃખમાં ભાગ લે છે એટલે આપણે માની લીધું કે, એમને પણ આપણી માફક જ સંસારમાં આટલો બધો રસ છે. એ આપણને સંસારથી ઉપર ઉઠાવવા માટે આપણા સંસારમાં રસ લે છે. પણ આપણે આવું સમજી લીધું છે એટલે આપણે એમની આગળ આવીને આપણા જ સંસારની – તનની, મનની, ધનની અને એવી જ બધી વાતો કરીએ છીએ.

દાદુકાકાને ફરીથી યાદ કરું અને એમના શબ્દોમાં કહું તો, આપણા સંતાને બગાડેલાં બાળોતિયાં આપણે એમની પાસે ધોવડાવીએ છીએ. બહુ હલકો શબ્દ વાપર્યો છે, પણ મેં સાંભળેલો છે. અને, તોય તેઓ એ હોંશે હોંશે ધુએ છે. આટલા પ્રેમથી તેઓ આપણી સાથે રસબસ થાય છે. કેમ રસબસ થાય છે ? તો આપણે જ્યાં છીએ ત્યાંથી બહાર કાઢવા માટે, ઉપર ઉઠાવવા માટે, ઊર્ધ્વગતિ કરાવવા માટે અને પોતે જે સુખ લઈ રહ્યા છે તે સુખના ભોક્તા આપણને બનાવવા માટે તેઓ આપણી ભૂમિકાએ આવીને, આપણા જેવા થઈ જાય છે. એટલે આપણે ભ્રમણામાં પડી જઈએ છીએ કે, એ પણ એવા છે. પાછું શરીરથી પણ એવું બતાવે. એમને પણ થાક લાગે, ભૂખ લાગે, ઊંઘ આવે, એમને

પણ કશુંક ભાવતું હોય એવું તેઓ બતાવે અને કશુંક જોઈતું હોય તે હક્ક કરીને માગે; એટલે આપણે માની લઈએ કે, આપણા જેવા છે. એટલે આ પ્રત્યક્ષની વાત છે એ ઝટ પચ પડે એવી નથી.

'અરે, એવું તે કંઈ હોતું હશે ? માણસને થોડો કંઈ ભગવાન કહેવાય?' માણસને ભગવાન કહેવો બહુ અઘરું છે. પણ આપણે એમને ભગવાન કહેતા નથી, અને આપણે એવું કહીને એમને દોષમાં પાડવા નથી. એમને ભગવાન કહીને આપણે તો દોષમાં પડીએ જ છીએ. પણ તેઓ ભગવાનના છે. અને તેઓ ભગવાનના છે તો તેઓ માયાના નથી એવું સમજાય છે ? આપણે માયાના છીએ, માયિક છીએ અને તેઓ માયાના નથી, તેઓ ભગવાનના છે ને દિવ્ય છે, એટલે એમનો જન્મ અને કર્મ બધું દિવ્ય છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી, 'આપણે તો ભગવાનના છીએ પણ માયાના નથી.' આ વાત નાનપણથી પાકી કરો.

વૈષ્ણવી પરંપરામાં 'મધુરાષ્ટકમ્' એ નામનું એક બહુ સુંદર પદ રચેલું છે. એમાં મૂર્તિનું વર્ણન છે કે, તારી વાણી મધુર છે, તારું હાસ્ય મધુર છે, તારું બધું મધુર છે. 'મધુર' એટલે મધ જેવું ગળ્યું, ખાવું ભાવે એવું. પણ એ માટે એ રીતે દર્શન કરવું પડે. સાહેબદાદાની મૂર્તિ પર આ બધા શબ્દો લગાડો કે, તારું હાસ્ય મધુર છે, તારું મુખ મધુર છે, તારી વાણી મધુર છે અને તારું બધું જ મધુર છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની ભાષામાં કહીએ તો, એ સાકરનું નારિયેળ છે. આપણે ભગવાનને ધરાવવા માટે શ્રીફળ લઈ આવીએ છીએ તો એમાં ઉપર છીલકાં હોય, પછી અંદર કાચલી હોય, પછી અંદર કોપરું હોય અને પછી એમાં મીઠું પાણી હોય. પાણી પીએ તો આંખનાં ચક્ષ્માં ઠરી જાય. ભગવાનની કેવી રચના છે ! પણ તોય એમાં ત્યાગભાગ છે. આપણે શું લઈએ છીએ ? આપણે મધુર પાણી પીએ છીએ, મીઠું મીઠું કોપરું ખાઈએ છીએ અને કાચલી ફેંકી દઈએ છીએ, ઉપરનાં છીલકાં ફેંકી દઈએ છીએ. પણ આ તો સાકરનું નારિયેળ છે, એટલે એનાં છીલકાં પણ સાકરનાં, એની કાચલી પણ સાકરની, અંદર કોપરું પણ સાકરનું અને અંદર પાણી પણ સાકરનું. એમાં કોઈ ત્યાગભાગ છે જ નહીં. એને કહીએ દિવ્યતા ! આવું સંપ્રદાયમાં આ મોટા પુરુષને વિશે દિવ્યતાનો ભાવ લાવવા માટે આપણે પણ શ્રીફળ અને એય શ્રીફળ, પણ આપણામાં છીલકાં છે, કાચલી છે અને એમનામાં પણ છીલકાં છે, કાચલી છે; પણ બધાં સાકરનાં છે, જ્યારે આપણામાં છે તે બધાં ફેંકી દેવાનાં છે.

તેઓ મનુષ્ય શરીર ધારણ કરીને આવે છે અને મનુષ્ય શરીરની મર્યાદામાં પાંચ ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા આ સૃષ્ટિમાં વિચરે છે. પણ એમના જન્મનો હેતુ અલગ છે અને જન્મીને તેઓ જે કાર્ય કરી રહ્યા છે એનો હેતુ પણ શુદ્ધ અને પવિત્ર છે. એમના સંબંધમાં જેઓ આવે એમને ભગવાનની સાથે જોડવા સિવાય એમનો બીજો કોઈ ઉદ્યમ નથી. વાત કરે છે તો ભગવાનના ને સંતોના મહિમાની વાત કરે છે અને ઉદ્યમ કરે છે તો આપણને કેમ કરીને એમની સાથે જોડી દેવા – એનો જ માત્ર પુરુષાર્થ કરે છે, પ્રયત્ન કરે છે.

સ્વામિનારાયણ ભગવાને પણ કહ્યું છે કે, 'કોઈ સારાં વસ્ત્ર, અલંકાર લઈને આવે તો અમે પ્રેમથી ગ્રહણ કરીએ છીએ, કોઈ સારી ખાવાની ચીજ લઈને આવે તો વખાણીને અમે ખાઈએ છીએ, પણ રખે માનતા કે, અમારામાં રસાસ્વાદ છે. રખે માનતા કે, અમારામાં રજોગુણ છે.' આ બધી વાતો આગળ બીજાં વચનામૃતોમાં આવે છે, પણ જ્યારે આપણે એમને નિષ્કામી, નિર્લોભી, નિર્માની, નિસ્નેહી માનીશું તો આપણે પણ આ પંચદોષથી રહિત થઈ જઈશું. એક માત્ર ભગવાન જ, ભગવાન સિવાય બીજી કોઈ ઇચ્છા નહીં ! પણ એ કેવી રીતે થાય ? તો ભગવાન સંબંધી જે કંઈ પણ ક્રિયાઓ હોય એની સાથે આપણે જોડાઈએ તો ધીરે ધીરે આપણી પાંચેય ઇન્દ્રિયો પણ ભગવાનની સાથે જોડાતી થાય. ભક્તિમાર્ગ એ ભગવાનની મૂર્તિ સાથે અને ગુરુની સાથે જોડાવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે.

ભગવાનની માનસી પૂજા આપણા સંપ્રદાયમાં છે. ભગવાનને ઉઠાડ્યા, ભગવાનને સ્નાન કરાવ્યું, ભગવાનને વસ્ત્ર પહેરાવ્યાં, ભગવાનને ભોગ ધરાવ્યા, માનસીમાં કરોને બધું ! અને અષ્ટપ્રકારની મૂર્તિમાં એક મૂર્તિ છે – કલ્પનાની મૂર્તિ, કે જે તમે ચિત્તમાં ધારી છે કે, ભગવાન પોઢ્યા છે, હું ભગવાનના પગનો અંગૂઠો સહેજ ચાંપીને કહું છું કે, 'ઊઠો ઊઠો! સોનાનાં નળિયાં થયાં.' પછી ભગવાન ઊઠે છે. આવી માનસી કરવામાં શો વાંધો !? એવી માનસી પૂજામાં એક ભગત ભગવાન માટે શીરો બનાવી રહ્યા હતા અને ઉત્સાહમાં થોડુંક ઘી વધારે પડી ગયું, તો કાઢવા માંડ્યા. તો ભગવાન કહે, 'તું શું કરે છે ?' તો ભગત કહે, 'ઘી વધારે પડી ગયું છે તે કાઢું છું.' તો કહે, 'આ માનસીમાં પડ્યું છે, ક્યાં તેં સાચેસાચ નાખી દીધું છે?' માનસીમાં પણ આપણે ચીજવસ્તુ વાપરવામાં આટલી બધી કરકસર કરીએ છીએ. એના બદલે, એય તમારે જે જમાડવું હોય એ જમાડોને ! એવો ભાવ કરવાનો છે. અને જો ભગવાનને ભાવથી જમાડવાના હોય તો શું કરવા લુખ્ખું-સૂકું પીરસીએ ? એય રસબસતાં ને ભાવતાં ભોજન જ ભગવાનને ધરાવીએ ને !

સ્વામિનારાયણ સંપ્રદાયની બીજી પ્રચલિતતા છે ભોજનની સમૃદ્ધિ! અરે, આપણા થાળ તો તમે જુઓ, કેટલી બધી વાનગીઓ હોય છે ! થાળમાં ઘેબર, સાટા, જલેબી ને કેટલાં બધાં નામ ! ભગવાનને ભાવથી જમાડવામાં સહેજ પણ ગરીબ થવાનું નહીં. એય

પ્રેમથી ભગવાનને જમાડવાના ! એ આપણી મૂર્તિ છે, જે આપણે ચિત્તમાં ધારી છે, માનસી પૂજામાં ધારી છે. અષ્ટ પ્રકારની પ્રતિમામાં આ પણ એક પ્રતિમા છે કે, જે આપણે આપણા ચિત્તમાં ધારવાની છે અને આપણે એની માનસી પૂજા કરવાની છે. પણ, હું જ્યારે શિખંડ જમું ત્યારે મને સાહેબદાદાની સ્મૃતિ થાય છે ? કે, સાહેબદાદા જમો ! હું નથી જમતો, તમને જમાડું છું ! આવો ભાવ થવો એ મૂર્તિ પ્રત્યક્ષ થઈ કહેવાય. માનસીમાં જમાડો ને શિખંડ સાહેબદાદાને ! ભલેને ડૉક્ટરે ના પાડી, ભલેને સેવક રોકતો. એ સાહેબદાદા સાક્ષાત્ મારામાં બિરાજમાન છે ! અને આવા અમે યોગીજી મહારાજને જોયા છે. કોઈ પણ વાનગી પોતે જમે તો બોલે, 'હે મહારાજ જમો ! હે શાસ્ત્રીજી મહારાજ જમો !' શરીર સંબંધી ક્રિયાઓ કરે ત્યારે સ્નાન કરતા પણ જોયા છે. 'હે મહારાજ નહાવ ! હે શાસ્ત્રીજી મહારાજ નહાવ ! હે પાંચસો પરમહંસો નહાવ !' પાણી પોતાના શરીર પર ઢોળે છે, પણ શરીરનો ભાવ જ નથી. સતત સ્મૃતિ છે કે, મારામાં રહેલા મહારાજ સ્નાન કરી રહ્યા છે, મારામાં રહેલા મારા શાસ્ત્રીજી મહારાજ સ્નાન કરી રહ્યા છે. હું એમને સ્નાન કરાવી રહ્યો છું, હું તો છું જ નહીં. અને આ – 'હું ટળે, હરિ ઢૂંકડા !' હું ટળી ગયો, હું છું જ નહીં – શાસ્ત્રીજી મહારાજ સ્નાન કરી રહ્યા છે. આ થઈ પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસના !

જેવી પરોક્ષદેવને વિશે અને પરોક્ષસંતોને વિશે પ્રતીતિ છે, તેઓને માન્યા છે, પૂજ્યા છે; તેવું પ્રગટ અને પ્રત્યક્ષ ભગવાન અને ભગવાનના સંતનું માહાત્મ્ય કરવું એ મુદ્દો છે ! પ્રગટની ભક્તિની વાત આ 'મુદ્દા'ના 'વચનામૃત'માં જે કહી છે, તેમાં મુદ્દો એવો છે કે, જે આજે સમજો કે લાખ વર્ષ કેડે સમજો, એક વાર કહ્યે સમજો કે લાખવાર કહ્યે સમજો, પણ સમજ્યા વગર છૂટકો નથી. એટલે હું પણ વારેવારે રિપિટેશન કર્યા કરું છું. તો જે ડાહ્યા સંતો છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતને જ કલ્યાણના દાતા માને છે ! 'દાતા' એટલે દેનારા, કલ્યાણના દેનારા.

'દેતો દેતો ને દેતો જોગીડો દેતો, દેતો ને દેતો !' કવિ દુલા કાગ યોગીજી મહારાજ માટે આ કાવ્ય રચે છે અને તેમાં બહુ સુંદર કહે છે. કોઈની ભેંસ દૂધ ના દેતી હોય તો આવીને યોગીજી મહારાજ આગળ પ્રાર્થના કરે કે, 'અમારી ભેંસ દૂધ નથી દેતી.' તો યોગીબાપા કહે, 'કરો ધૂન !' અને આશીર્વાદ આપે તો દૂધ નહીં દેતી ભેંસ, દૂધ દેતી થઈ જાય. કોઈને ત્યાં સંતાનમાં દીકરો નથી તો યોગીજી મહારાજ પાસે આવીને પ્રાર્થના કરે કે, 'સંતાનનું સુખ નથી.' તો દેતો, દેતો ને દેતો. એટલે દુલા કાગે એમની કીર્તનની કડીમાં લખ્યું છે, 'દૂધ દેતો, દીકરા દેતો, દેતો દેતો ને દેતો, બદલામાં કાંઈ ના લેતો, જોગીડો દેતો દેતો ને દેતો.'

આ સંતનું માહાત્મ્ય છે ! એ જ યોગીજી મહારાજને આત્મસાત્ કરીને ગુરુહરિ સાહેબદાદા પણ અત્યારે વર્તમાનકાળે આપણા સૌની વચ્ચે જીવી રહ્યા છે. યોગીબાપાનો આવો મહિમા હતો, છે અને સદાય રહેવાનો છે. પણ એ જ યોગીબાપાનું અત્યારે વિચરતું સ્વરૂપ મને સાહેબદાદાના રૂપમાં મળ્યું છે, એવું માનીને સાહેબદાદાને સેવવા એ યોગીબાપાને સેવ્યા બરાબર છે; એ થયા પ્રભુ પ્રગટ અને પ્રત્યક્ષ છે ! અને સાહેબદાદા કદી યોગીબાપાને ગૌણ થવા દેતા નથી. કદી યોગીબાપાની મૂર્તિ વિશેનો જે ભાવ છે તેમાં ઓછપ આવવા દેતા નથી. એમને મન એમના ગુરુ યોગીબાપા સદા દિવ્ય છે ને પ્રગટ છે ! તેઓને સંભારે એટલે સાક્ષાત્ પ્રગટ થાય છે ! એવો ભાવ આપણને થયો છે ? અને એ કરવું છે એ મુદ્દો છે.

**...અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં... જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ અને પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મ થકી પડ્યા તો પણ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનો પરોક્ષના જેવો જો માહાત્મ્યે યુક્ત નિશ્ચય હતો તો કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહીં. માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે...**

સ્વામિનારાયણ ભગવાને આપણા વતીથી મહેનત કરીને, સર્વ શાસ્ત્રને સૂરત દઈને સાંભળીને, એમાંથી જે મૂળભૂત સૂત્ર હતું એ શોધી, સંશોધન કરીને નવનીત સ્વરૂપે આપણને આપ્યું છે. એવી પ્રગટની વાત સ્વામિનારાયણ ભગવાને આ મધ્યના ૨૧મા 'વચનામૃત'માં 'મુદ્દા' રૂપે કહી છે.

આવું જે જીવી રહ્યા છે તેવા આપણા પ્રભુ, આપણા ગુરુ અને એમને સેવીને, સંસારમાં રહીને પણ સંસારથી વિરક્ત થઈને સંસારના ભાવથી જેઓ ઉપર ઊઠી ગયા છે એવા ઘણા બધા ગૃહસ્થોને અમે અમારા સમયમાં જોયા છે. અને આપણા સમયમાં, આપણી વચ્ચે પણ એવા જે ભક્તો છે, એવા જે સંતો છે અને એવા જે પ્રભુ છે; એમનું માહાત્મ્ય આજે સમજો, કે લાખ વર્ષ પછી સમજો, એક વાર કહ્યે સમજો, કે લાખ વાર કહ્યે સમજો પણ એ સર્વ શાસ્ત્રનું રહસ્ય છે અને મૂળ મુદ્દો છે ! આખું 'વચનામૃત' ના વંચાય તોય આટલું મુદ્દાનું 'વચનામૃત' તો અવશ્ય વાંચીએ.

ભગવાન તે જ દિવસે સાંજે ફરી પાછી બીજી સભા કરે છે, પણ આપણે આજની સભાની, આપણા આ સ્વાધ્યાયની અહીં પૂર્ણાહુતિ ભગવાનની આરતી કરીને કરીશું.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! (પૂર્ણ) ◆